Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: પરિપત્ર :-

યુનિવર્સિટી સંલગ્ન લો કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ થી LL.B. Sem-1 માં આંતરિક પરીક્ષા દાખલ કરવા અંગે કાનુન વિદ્યાશાખાની તા.૦૨/૦૯/૨૦૨૬ની સભાનાં ઠરાવ ક્રમાંક :૨ થી નીચે મુજબ કરેલ ભલામણને એકેડેમિક કાઉન્સિલની તા.૧૪/૦૯/૨૦૨૬ની સભાનાં ઠરાવ ક્રમાંક:૧૫ થી મંજૂર કરેલ છે. જેનો અલમ કરવા આથી જાણ કરવામાં આવે છે.

## કાનુન વિદ્યાશાખાની તા.૦૨/૦૯/૨૦૨૬ની સભાનાં ઠરાવ ક્રમાંક:૨

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ થી LL.B. Sem-1 મા એક્ષર્ટનલ પરીક્ષામાં ૭૦ માકર્સના પેપરમાં ૧૨ માકર્સના પાંચ પ્રશ્નો રહેશે અને છઠ્ઠો પ્રશ્ન ૧૦ માકર્સનો રહેશે.

| આંતરિક મૂલ્યાંકનનો ઘટક | ગુણ |
|---|---|
| આંતરિક લેખિત પરીક્ષા | ૧૫ |
| હાજરી | ૫ |
| એસાઈનમેન્ટ | ૫ |
| પ્રેઝન્ટેશન/વાઈવા | ૫ |
| કુલ | ૩૦ |

દરેક વિદ્યાર્થીએ આંતરિક પરીક્ષા આપવી ફરજીયાત રહેશે.
વિદ્યાર્થીએ દરેક વિષયના આંતરિક મૂલ્યાંકનમાં અલગથી લઘુતમ પાસિંગ માર્કસ મેળવવા ફરજીયાત રહેશે.
લઘુતમ પાસિંગ માર્કસ નીચે મુજબ રહેશે.
૧. બાહ્ય પરીક્ષા (૭૦ ગુણમાંથી ) – ૨૮ ગુણ
૨. આંતરિક મૂલ્યાંકન (૩૦ ગુણમાંથી)–૧૨ ગુણ
૩. દરેક વિષયમાં કુલ મળીને – ૪૦ ગુણ

વિદ્યાર્થીએ સંબંધિત સેમેસ્ટરમાં સફળતા મેળવવા માટે તે સેમેસ્ટરમાં તમામ વિષયોમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ મેળવવાના રહેશે.

ઉપરોક્ત મુજબ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

ક્રમાંક:ઓથો/પરિપત્ર/૨૧૬૪૦/૨૦૨૬
તા.૧૯/૦૯/૨૦૨૬

કુલસચિવ

પ્રતિ,
૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ લો કોલેજોનાં આચાર્યશ્રીઓ.
.....આપશ્રીની કોલેજના સંબંધિત શિક્ષકોને જાણ કરી અમલ કરવા સારૂ.
૨) ઈ.ચા. ડીનશ્રી, કાનુન વિદ્યાશાખા.
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
.....તરફ જાણ તેમજ અમલ સારૂ.